જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૬/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૮૧/૧૮

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

# ઈંગ્લીશ દારૂનો ક્વોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર - ૨ તથા ના.પો.કમિશ્રી ઝોન -૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતા પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના મળતા તેમજ સિનિયર સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીન તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા અલ્લાનગરના નાકે જાહેર રોડ ઉપર આવતા સાથેના **અ.હેડ.કોન્સ.કાનજીભાઈ અમીભાઈ તથા પો.કો.રમેશભાઈ મગનભાઈ**નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) **યોગેશ સ/ઓ ગોકુલભાઈ ગમનાજી પ્રજાપતિ ઉ.વ.૩૪ રહે : મ.નં.૨ પટેલ સોમનાથની ચાલી,કલાપીનગરના છેલ્લા બસ સ્ટેન્ડની પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર તથા (૨) નરેશ સ/ઓ ભગવાનદાસજી કનૈયાલાલ ચૌહાણ ઉ.વ.૨૧ રહે : મ.નં.૧૫૦ સંજયશ્રી કોલોની વીજળીઘરની પાછળ પ્રતાપનગર તા.જોધપુર જિ.જોધપુર રાજસ્થાન**નાઓને તેમના કબજાની સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૦૧.એ.વાય.૦૧૫૪ કિ,રુ,૬૦,૦૦૦/ તથા પરપ્રાતીય ઈંગ્લીંશ દારૂની (૧) Officer's Choice CLASSIC WHISKY બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની સીલબંધ બોટલો નંગ-૪૮ કુલે કિ,રુ.૨૪,૦૦૦/ તથા (૨) GENUINE QUALITY ENJOYED SINCE 1880 TUMORG COPENHAGEN DENMARK STRONG PREMIUM BEER બ્રાન્ડની બોટલ નંગ-૨૪ કુલ્લે કિ,રુ,૪૮૦૦/ તથા (૩) Bullet SUPER STRONG BEER બ્રાન્ડની બોટલ નંગ-૨૪ કુલ્લે કિ,રુ,૪૮૦૦/ મળી કુલ્લે કિ,રુ,૯૩,૬૦૦/ ની મતાના મુદામાલ સાથે પકડી લઈ સદરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહિબિશનનો ક્વોલીટી કેસ શોધી કાઢેલ છે.

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી,સેકટર-૨ સાહેબ શ્રી, તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિક ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગદર્શન હેઠળ અમો તથા તથા પો.સ.ઈ. ડી.ટી.ડામોર તથા વન ગાડીના સ્ટાફના માણસો તથા અ.હે.કો.વસંતભાઇ નટવરભાઇ બ.નં.૮૨૦૧ અ.પો.કો. વિવેકભાઈ ભીખુભાઈ બ.નં.૩૭૦૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પ્રોહીબીશનની ડ્રાઈવ અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો.વિવેકભાઈ ભીખુભાઈ બ.નં.૩૭૦૯ નાઓને બાતમી હકીકત આધારે વિરેન્દ્રસિંહ ઉર્ફે ભુરાજી S/O અર્જુનસિંહ ચાવડા રહે-મ.નં.૧૮/૧૯૩/૨૧, મનુભાઈની ચાલી, નિલકંઠ મહાદેવ અસારવા, શાહીબાગ, અમદાવાદ નાઓના રહેણાંક મકાનમાં રેઈડ કરતાં (૧) LIMANOV VODKA ORANGE FLAVOUR, FOR SALE IN RAJASTHAN ONLY ના માર્કાવાળી કંપની શીલ બંધ બોટલ નંગ-૧૨ જેની કી.રૂ.૭૨૦૦/- ગણાય તથા (૨) ROMANOV VODKA APPLE FLAVOUR ના માર્કાવાળી કંપની શીલ બંધ બોટલ નંગ-૦૪ ની કુલ્લે કી.રુ.૨૪૦૦/- ગણાય તથા (૩) DRY GIN BLUE MOON PREMIUM ના માર્કા વાળી કંપની શીલબંધ બોટલ નંગ-૦૮ કી.રુ.૪૦૦૦/- ગણાય તથા (૪) PARTY SPECIAL DELUXE WHISKY FOR SALE IN ARUNACHAL PRADESH ONLY માર્કાવાળી કંપની શીલ બંધ બોટલ નંગ-૦૭ કી.રુ.૩૫૦૦/- ગણાય તથા (૫) કિંગ ફિશર સુપર સ્ટ્રોગ પ્રીમીયમ બીયર ના માર્કાવાળી કંપની શીલબંધ બિયર.ટીન નંગ-૪૦ કી.રુ.૮૦૦૦/- ગણી કુલ્લે કિં.રૂ.૨૫૧૦૦/- ની મત્તાનો વિદેશી દારૂ કબ્જે કરી શાહીબાગ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૧૪૪/૨૦૧૮ ધી પ્રોહી એક્ટ કલમ-૬૫(ઈ),૧૧૬(૧)(બી),૮૧ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

## નારોલ પોલીસ સ્ટેશન :-

**પીપળજ ગામ પંચાણુ વાસમાં જાહેરમા જુગાર રમતા ૧૨ ઇસમો ને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપીયા, રૂ.૧,૪૮,૯૬૦ /- ના મુદામાલ સાથે પકડી પાડી ગણના પાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

આગામી રથયાત્રા અનુસંધાને દારુ જુગાર અંગેની પ્રવુતી શોધી કાઢી અટકાવવા અંગે નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેકટર આર.એ.જાદવ સાહેબ ની સુચના મુજબ વુ.પો.સ.ઇ. જે.બી.રાઠોડ તથા સાથે મ.સ.ઇ. મફતસિંગ ગફુરસિંહ બનં ૬૫૪૦ તથા પો.કો વિજયસિંહ લાખુભા બનં ૬૧૭૯ તથા પો.કો બચુજી પરસોતમજી બનં ૮૪૨૧ તથા પોકો રામદેવસિંહ જયેંદ્રસિંહ બનં ૮૨૭૬ તથા પો.કો. શક્તિસિંહ ૯દેસિંહ બ.નં૫૭૩૩ તથા એલ.આર. રોહીતસિંહ રામસંગજી બનં ૧૨૫૨૬ તથા વુમન પોકો માયાબેન ભગવાનદાસ બનં ૪૬૦૮ વિગેરે નાઓ સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતાકલાક ૧૮/૩૦ વાગે પીપળજ ગામ હનુમાન મંદીરની પાસે આવતા સાથેના પોકો વિજયસિંહ લાખુભા નાઓને ખાનગી રાહે આધારે પીપળજ ગામ પંચાણુ વાસ માં શંભુભાઇ ભરવાડ નાઓના ઘરની ઓસરી આગળ ખુલ્લી જગ્યામા રાજુભાઇ બાબુભાઇ ઠાકોર ઉવ ૨૭ રહે પંચાણુવાસ પીપળજ ગામ નારોલ અમદાવાદ + ૧૧ = ૧૨ નાઓને પકડી તેઓની અંગજડતીના નાણા રૂ.૨૧૫૩૦/- તથા દાવના નાણા ૯૩૦/- તથા મોબાઇલ ફ્રોન નંગ ૯ ની કીરુ ૩૧૫૦૦/- ના તથા મોટરસાયકલ નંગ ૪ ની કીંમત રુ ૯૫૦૦૦- તથા ગંજી પાના નં- ૫૨ કીરુ ૦૦/- મળી કુલ્લે રુ ૧,૪૮,૯૬૦/- નો મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હોય જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં ૩૦૭૦/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

મહે.પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મહે.ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૩, અ'વાદ શહેર તથા મહે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "ઇ" ડિવીઝન અ'વાદ શહેરનાઓની તથા ખાડીયા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ.શ્રી જી.એસ.શ્યાન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ તા.-૧૧/૦૬/૨૦૧૮ થી તા.-૨૬/૦૬/૨૦૧૮ સુધીની પ્રોહી. ડ્રાઇવ તથા આગામી રથયાત્રા તહેવાર અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી પો.સ્ટે વિસ્તારમા ગેરકાયદેસર ચાલતી પ્રોહિ/ જુગારની પ્રવૃતી શોધી કાઢવા સુચન કરેલ હોય જે આધારે સર્વે. પો.સ.ઇ. જે.ડી.પંડયા તથા અ.હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં-૮૦૨૨ તથા પો.કો.-જયસુખભાઇ શામજીભાઇ બ.નં-૪૨૩૭ તથા પો.કો.- પંકજકુમાર ભલજીભાઇ બ.નં-૧૩૦૮૧ તથા પો.કો ભાગ્યદીપભાઇ મહેશભાઇ બ.નં-૮૫૨૨ તથા અ.લો.ર.- યોગેન્દ્રસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૪૭૮ તથા અ.લો.ર. હિતેન્દ્રસિંહ જગદીશસિંહ બ.નં-૫૫૬ તથા અન્ય સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી આધારે સૌરભ ઉર્ફે પિન્ટુ વિષ્ણુપ્રસાદ રાણા ઉ.વ.-૩૪ રહે.-મ.નં-૧૩૨૪, માતાવાળો ખાંચો,હરકિશનદાસ શેઠની પોળ, માંડવીની પોળ આસ્ટોડીયા અમદાવાદ શહેર નાઓનો પોતાના રહેણાકના મકાનમા ગે.કા. વેચાણ કરવા સારૂ અલગ અલગ બ્રાંડનો પરપ્રાંતીય ઇંગલીશ દારૂ બોટલ નંગ-૧૪ કિ.રૂ.-૫૨૫૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેમજ ઉપરોક્ત દારૂનો જથ્થો રાકેશ દિલીપસિંહ રાણા રહે. કાપડીવાડ ,સારંગપુર અમદાવદ શહેર નાઓને ત્યાંથી વેચાણ માટે લાવતો હોય સદરી આરોપી રાકેશ નાઓને વોન્ટેડ જાહેર કરી સદરી આરોપીને શોધવા આગળની કાર્યવાહી પો.સ.ઇ. જે.ડી.પંડયા નાઓએ હાથ ધરેલ છે જે અત્રેના પો.સ્ટે. ખાતેના અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા સારી કામગીરી કરવામાં આવેલ છે. તા.-૨૨/૦૬/૨૦૧૮.

## પાલડી પોલીસ સ્ટેશન :-

મે.ખાસ.પો.કમિ.શ્રી સેક્ટર ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન ૭ તથા અ. પો.કમી.શ્રી "એન" ડિવીઝન નાઓએ પો.સ્ટે. વિસ્તારમા મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા આપેલ સુચના અન્વયે વુ. મ.સ.ઇ. વર્ષાબેન મનજીભાઇ તથા પો.કો. ઇમ્તીયાજઅલી ઉમરાવઅલી બ.ન. ૩૫૮૭ તથા પો.કો. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ બ.ન. ૧૧૮૪૪ તથા એલ.આર. જયમીનભાઇ મહેશભાઇ બ.ન. ૧૨૭૮ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો. ઇમ્તીયાજઅલી ઉમરાવઅલી નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ જે બાતમી આધારે પાલડી ચાર રસ્તા નજીક વોચ દરમ્યાન બાતમી હકીકત વાળો ઇસમ આવતા તેને પકડી નામઠામ પુછતા અશરફ નુરમંહમદ છુવારા ઉ.વ. ૫૫ રહે. મ.ન.૪ સંધી એવન્યુ લવલી પાર્ક સોસાયટી સામે બરફની ફેકટરી પાસે અમદાવાદનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી માથી એક વિવો કંપનીનો સીલ્વર કલરનો ૧૭૧૪ મોડલનો IMEI નં. ૮૬૫૫૭૧૦૩૨૨૭૭૩૩૧ તથા ૮૬૫૫૭૧૦૩૨૨૭૭૩૨૩ જેની કીંમત રૂપિયા ૧૫૦૦૦/- ગણી શકાય તે મોબાઇલ ફોન મળી આવતા તેની પાસે મોબાઇલનુ બીલ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવી કોઇ સંતોષકારક જવાબ આપી શકેલ ના હોય જે બાબતે તેની વધુ સખ્તાઇથી પુછપરછ કરતા પાલડી પો. સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૧/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ ના કામે એક્ટીવાની ડેકી માથી મોબાઇલની ચોરી કરેલાની કબુલાત કરેલ જે બાબતે સદરી ઇસમના વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ છે. સદરી ઇસમ અગાઉ પાલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે પકડાયેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.